ગુજરાત રાજ્ય ઘેટાં અને ઉન વિકાસ નિગમ લીમીટેડ,ગાંધીનગરની કચેરીના હિસાબી અધિકારી, વર્ગ-૧ની રદ થયેલ જગ્યાને પુનઃજીવિત કરવા બાબત.

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક.
19 NOV 2018
659713

ગુજરાત સરકાર,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક: વીએચડી/૧૨/૨૦૧૭/૧૭૭૮/પી.૧
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૫/૧૧/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧)કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:વીએચડી/૧૨૨૦૧૬/૩૨૮૦/પી૧,તા.૧૬/૦૬/૨૦૧૭

(૨) ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિ.,ગાંધીનગરના પત્ર ક્રમાંક: મકમ/હિસાબનીશ/પ્રતિ/૬૭૩, તા.૧૮/૦૮/૨૦૧૮

## આમુખ

વંચાણે લીધા ક્રમાંક-(૧)ના આ વિભાગના ઠરાવથી ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લીમીટેડ,ગાંધીનગરની કચેરીના હિસાબી અધિકારી, વર્ગ-૧ની જગ્યા ત્રણ વર્ષથી વધુ સમયથી ખાલી હોવાથી રદ કરવામાં આવેલ હતી. ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લીમીટેડ દ્વારા પશુપાલન વિભાગ દ્વારા તબદીલ થયેલ યોજનાઓનું અમલીકરણ થાય છે અને કચેરીના હિસાબી, નાણાકીય, આર્થિક વ્યવહારો, જી.એસ.ટી., ઇન્કમટેક્ષ, ઓડીટ સબંધી કાર્યો માટે અનુભવી, નિષ્ણાત અને કાયમી હિસાબી અધિકારી, વર્ગ-૧ની જરૂરીયાત હોઇ ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લીમીટેડ દ્વારા વંચાણે લીધા ક્રમાંક-(૨) ના પત્રથી ગુજરાત રાજ્ય ઘેટાં અને ઉન વિકાસ નિગમ લીમીટેડની કચેરી ખાતે હિસાબી અધિકારી, વર્ગ-૧ની રદ થયેલ જગ્યાને પુનઃજીવિત કરવા સરકારશ્રીમાં દરખાસ્ત રજૂ કરેલ હતી. જેની મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજ્ય ઘેટાં અને ઉન વિકાસ નિગમ લીમીટેડ,ગાંધીનગરની કચેરી ખાતેના હિસાબી અધિકારી, વર્ગ-૧ની રદ થયેલ જગ્યાને પુનઃજીવિત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૨/૧૧/૨૦૧૮ ની નોંધ થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

ડી.જે.બારોટ

(ડી.જે.બારોટ)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ),નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી,પશુપાલન નિયામકની કચેરી,કૃષિભવન,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લીમીટેડ, ઉધોગ ભવન,ગાંધીનગર
- ઉપમહાલેખાકારશ્રી (ES-૧),એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit ) ગુજરાત,ત્રીજો માળ,ઓડીટ ભવન,નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઇ) અમદાવાદ/ રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઘેટાં વિકાસ શાખા, પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા, બ.૧, પી-૨, અ અને નાણાં શાખા.
- શાખા સિલેકટ ફાઇલ
- સેક્શન અધિકારીશ્રી (આઈ.ટી. સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ (ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ)